# ફિટ ઇન્ડિયા ફ્રીડમ રન કાર્યક્રમનો અહેવાલ

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા પ્રાપ્ત પત્રના અન્વયે , આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ 29/08/2019 ના રોજ ભારતના નાગરિકોની સામાન્ય શારીરિક તથા માનસિક તંદુરસ્તી માટે ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ શરૂ કરી છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના "હમ ફીટ તો ભારત ફીટ" ના સૂત્રને સાર્થક કરવા માટે ગુજરાતના દરેક જિલ્લા, તાલુકા, શહેર અને ગામના દરેક નાગરિક તંદુરસ્તી અને સશક્ત જીવનશૈલીને પોતાના જીવનનો ભાગ બનાવે તે અત્યંત આવશ્યક છે.

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળના રમત ગમત વિભાગ દ્વારા દેશભરમાં વ્યક્તિગત તંદુરસ્તીને પ્રોત્સાહન આપવા માટે ફિટ ઇન્ડિયા મૂવમેન્ટના નેજા હેઠળ અનેક પ્રવૃત્તિઓ અને ઝુંબેશની યોજના બનાવી છે. આપણી આઝાદીના ૭૫માં વર્ષ આપણો દેશ "આઝાદી કા અમૃત મહોત્સવ" ઉજવી રહ્યો છે જે અન્વયે ફિટ ઇન્ડિયા ફ્રીડમ રનનો સમાવેશ કરવામાં આવ્યો છે. વધારેમાં વધારે લોકોને તેમના સમય અને અનુકૂળતા અનુસાર ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાના લક્ષ્ય સાથે આ પ્રવૃત્તિનું આયોજન માટે **યુનિવર્સિટીના કેમ્પસમાં તા.30/09/2021 ના રોજ સવારે 10:30 કલાકે આંબેડકરજીની પ્રતિમાના પ્રાંગણમાં આ કાર્યક્રમનો આયોજન કરેલ. જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, યુનિવર્સિટીના તમામ નિયામકશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ તમામ કર્મચારીઓ હાજર રહેલ. સૌ પ્રથમ યુનિવર્સિટીના પ્રાંગણમાં આંબેડકરજીની પ્રતિમાના ચરણોમાં પુષ્પાંજલિ કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. સૌએ સાથે રહી યુનિવર્સિટીના પરિસરમાં રન વે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર દ્વારા સૌનો કિમતી સમય આપવા બદલ આભાર માની કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી.**








